ગાંધીનગર સમાચાર

# ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા ધો. ૧૨ સુધી છાત્રો પહોંચવા જ જોઈએ : આનંદીબેન પટેલ

## મોડાસામાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ સંપન્ન : રાજ્યની પ્રાથમિક શાળામાંથી ધો. ૮ ઉત્તીર્ણ એક પણ વિદ્યાર્થી ધો. ૯માં પ્રવેશથી વંચિત નહિ રહે

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લામાં આજે રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં મોડાસામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરી હતી. ગ્રામ્ય વિસ્તારો પછી શહેરી વિસ્તારોમાં પણ આજે શાળા પ્રવેશોત્સવના છેલ્લા દિવસે તેમણે મોડાસાની સર્વોદયનગર (ડુંગરી) પ્રા. શાળા અને શ્રી એચ.એલ. પટેલ સરસ્વતી હાઈસ્કૂલમાં ઉપસ્થિત રહીને આંગણવાડી, ધો. ૧ અને મા. વિભાગ ધો. ૯માં છાત્રોને પ્રવેશ આપ્યો હતો. તેઓએ પોતાની સાથે લાવેલ ચોકલેટથી માંડી વિવિધ કિટ્સનું પણ પ્રવેશ પામતા બાળકોને વિતરણ કરીને નવા પ્રવેશ લેતા છાત્રોને શુભેચ્છાઓ પાઠવી હતી.



મુખ્યમંત્રીએ પોતાના વક્તવ્યમાં રાજકીય કોઈપણ વાત નહી કરતાં માત્ર પ્રવેશોત્સવ, કન્યા કેળવણી અને શિક્ષણના વિષયને જ ઉંડાણપૂર્વક મુલવ્યો હતો. આ સમારોહમાં બાળકોએ રજૂ કરેલ વિવિધ કાર્યક્રમો અને ખાસ કરીને 'બેટી બચાવો, સ્વચ્છતા અને યોગ' વિશે વક્તવ્ય આપનાર ત્રણેય બાળાઓની પ્રશંસા કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ બાળાઓ આગળ જતા ઉત્તમ વક્તા બનશે. તેમણે આ બાળાઓ તેમજ વિવિધ કાર્યક્રમોની સુંદર રજૂઆત કરનાર છાત્રોને તૈયાર કરનાર જે તે શિક્ષક-શિક્ષિકા અને આચાર્યોને પણ અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીએ વૃક્ષ અને પર્યાવરણ બચાવવાની અપીલ કરતાં જણાવ્યું હતું કે પુરતા વૃક્ષોના અભાવે ગરમી વધી રહી છે, ઓછામાં ઓછા ૩૦ થી ૩૫ ટકા વૃક્ષો હોવા જોઈએ અને તે માટે દરેક વ્યક્તિને એક-એક વૃક્ષ ઉગાડી તેનું જતન કરવા પર ભાર મુકતા જણાવ્યું હતું કે બધા એક-એક વૃક્ષ વાવે તો પણ રાજ્યમાં વર્ષે ૬ કરોડ વૃક્ષો વાવી શકાશે અને તે આવનારા દિવસોમાં આપણને જ ઉપયોગી થશે.

આ પ્રસંગે જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભી સહિત જિલ્લાના પદાધિકારીઓ, કાર્યકરો, જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલ, ડીડીઓ વિશાલ ગુપ્તા, જિ.પો. અધિક્ષક કે.એન. ડામોર, સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સર્વોદયનગર પ્રા. શાળાના આચાર્ય-એસએમસી ચેરમેન ઉપરાંત સરસ્વતી વિદ્યાલય મંડળના ચેરમેન મોહનભાઈ, આચાર્ય જિજ્ઞેશભાઈ સુથાર અને હોદ્દેદારો પણ ઉપસ્થિત રહીને મુખ્યમંત્રીનું સન્માન કર્યુ હતું.



આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય દિલિપસિંહ પરમાર, જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ, ઉપપ્રમુખ અતુલભાઈ બ્રહ્મભટ્ટ, અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પી. પટેલ સહિત જિલ્લાના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાનાર પ્રવેશોત્સવમાં જતા ૫૦ કોંગ્રેસીની ધરપકડ

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં શુક્રવારના રોજ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં સર્વોદયનગર પ્રાથમિક શાળામાં યોજાયેલા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવમાં આમંત્રણને માન આપી કાર્યક્રમમાં હાજર રહેવા જઈ રહેલા મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસીંહ પુવાર, મહિલા સદસ્યો સહિતના કોંગ્રેસના ૫૦થી વધુ કાર્યકરોની કોઈ પણ કારણો વગર માલપુર રોડ પરથી પોલીસતંત્ર દ્વારા અટકાયત કરી તમામ અટકાયત કરેલા કોંગ્રેસી કાર્યકરોને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવતા કોંગ્રેસના કાર્યકોરમાં રોષ ભભુકી ઉઠ્યો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીના જણાવ્યા મુજબ ભાજપા સરકારના સત્તાધીશો અન્ય પક્ષ કે લોકો સામે હિટલરશાહીનો ઉપયોગ કરી ભાજપ સરકારના ઈશારે લોકશાહીના લીરેલીરા ઉડાડતી પોલીસતંત્રને આંખના ઈશારે નચાવી પોલીસતંત્રનો દૂરઉપયોગ કરી જોહુકમી ચલાવી ધરપકડ કરવામાં આવતા આગામી સમયમાં આનો ઉગ્ર પ્રત્યાઘાતો પડશે.



## મુખ્યમંત્રીના પ્રવેશોત્સવ કાર્યક્રમમાં પાણી વિના ટળવળ્યા નાના ભૂલકાઓ

મોડાસા સર્વોદયનગર પ્રા. શાળામાં પ્રવેશોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના આ કાર્યક્રમમાં વહેલી સવારથી જ પ્રાથમિક શાળા અને આંગણવાડીના બાળકોને સભા મંડપમાં બેસાડી દેવાયા હતા. સવારથી જ કોઈપણ ખવડાવ્યા-પીવડાવ્યા વિના બેસાડી દેવાયેલા નાના ભૂલકાઓ પાણીની તરસ સહન ન થતા આકુળવ્યાકુળ બની ગયા હતા અને પાણી પીવા ઉભા થવા જાય તો ઉપસ્થિત કર્મચારીઓ દ્વારા કડકાઈપૂર્વક બેસાડી દેવામાં આવતા તરસ્યા બાળકો પાણીના પોકાર કરતા રીતસરના ટળવળતા કેટલીક શિક્ષિકાઓએ પાણીની બોટલ મંગાવી એક એક ઘૂંટ પાણી દ્વારા બાળકોની તરસ છીપાવવાનો પ્રયત્ન કર્યો હતો. પ્રવેશોત્સવના તાયફાથી અજાણ બાળકોને પાણી વગર ટળવળતા જોતા તેમના વાલીઓ હચમચી ઉઠ્યા હતા.



# ડીસાની કાંટ રાજપુર પંજારાપોળમાં ફૂડ પોઈઝનિંગથી ૧૭ પશુઓના મોત

ડીસા તાલુકાના કાંટ ગમે આવેલી કાંટ રાજપુર પાંજરાપોળ માં ૭૦ પશુઓને ફૂડ પોઈઝનિંગ થઈ ગયું હતું. જેમાં સંચાલકોએ તાત્કાલિક સારવાર સરું કરી દેતા ૬૩ પાઉઓને બચાવી લેવાયા છે જયારે ૧૭ પશુઓના મોત થતા અરેરાટી વ્યાપી ગઈ છે.

ડીસા તાલુકાના કાંટ ગામમાં આવેલી કાંટ રાજપુર પાજારાપોળ માં બપોરના સમયે રાબેતા મુજબ તમામ પશુઓને ગાસચારો નાખવામાં આવ્યો હતો જેમાં ૭૦ જેટલા પશુઓએ ઘાસ ની સાથે વધુ પાણી પી લેતા અચાનક ફુડ પોઈઝનિંગ થઈ ગયું હતું જેથી ગૌશાળા સંચાલકોને જાણ થતાજ તાત્કાલિક તબીબોને બોલાવી સારવાર સારું કરી દીધી હતી પરંતુ ત્યાં સુધીમાં તો ૨ ગાય, ૨ આખલા અને ૧૨ પાડાના કરૂણ મોત નીપજ્યા હતા તેમજ અન્ય પશુઓને સમયસર સારવાર મળી રહેતા બચાવી લેવાયા હતા. આ ઘટનાથી જીવદયા પ્રેમીઓમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

આ અંગે ગૌશાળા સંચાલક ભરતભાઈ કોઠારીએ જણાવ્યું હતું કે બપોરના સમયે ૭૦ જેટલા પશુઓને ફૂડ પોઝનિંગ થયું હોવાના સમાચાર મલતાજ અમે તાત્કાલિક ગૌશાળાએ આવી તમામ પશુઓની સારવાર સરૂ કરી હતી જેમાંથી ૬૩ પશુઓને બચાવી લેવાયા છે જયારે ૧૭પશુઓના કરૂં મોત નીપજ્યા છે.

# બનાસકાંઠામાંથી રાજસ્થાનમાં લાખો રૂપિયાની રેતીનું ગેરકાયદેસર વહન

## રાજ્ય સરકાર દ્વારા વર્ષો પહેલા લગાવેલા પ્રતિબંધનું ખુલ્લેઆમ ભંગ : તંત્રની ઘોર નિંદ્રામાં ખનીજ માફિયા બેરોકટોક કરે છે રેતીનું વહન

પાલનપુર, તા. ૧૭

સરહદી બનાસકાંઠા જિલ્લામાંથી રાજસ્થાનમાં લાખો રૂપિયાની રેતી રાજ્ય બહાર જઈ રહી છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા વર્ષો પહેલા લગાવેલા પ્રતિબંધનું ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે. જો કે આ મુદ્દે હજુ પણ તંત્ર ઘોર નિંદ્રામાં છે જ્યારે ખનીજ માફિયા બેરોકટોક રેતીનું વહન કરતા નજરે પડે છે. ભારત સરકાર દ્વારા ૨૦૧૦થી એક રાજ્યથી બીજા રાજ્યમાં રેતીના વહન પર પ્રતિબંધ ફરમાવાયો છે જો કે આ નિયમ બનાસકાંઠા જિલ્લા માટે લાગુ ન પડતો હોય તેવા દશ્ય સર્જાવા પામ્યા છે. બનાસકાંઠા જિલ્લામાંથી રાજસ્થાનમાં લાખો રૂપિયાની રેતી વહન થઈ રી છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા વર્ષો પહેલા લગાવેલા પ્રતિબંધનું ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યું છે. જો કે આ મુદ્દે વહીવટીતંત્ર માત્ર વાતો કરતુ હોય તેવા દશ્યો કેમેરામાં કેદ થવા પામ્યા છે. બનાસકાંઠાની થાવર ચેક પોસ્ટ તેમજ થાવર સેલ ટેક્ષ ઓફિસ આગળથી લાખોની રેતી બારોબાર જાય છે તેમજ સ્થાનિક બંને ઓફિસોની સામેથી પસાર થવા છતાં આજદિન સુધી આ અંગે કોઈ જ ફરિયાદ કે તપાસ થઈ નથી ત્યારે આજ વિગતો પરથી જ કેટલુ મોટુ કૌભાંડ ચાલી રહ્યું છે તેનો અંદાજ આવી શકે છે જો કે આ અંગે જિલ્લાના ખાણ ખનીજ અધિકારીને પુછતા તેમણે આ અંગે હજુ પણ કોઈ જ કેસ ન થયાનું સ્વીકાર્યું હતું. એક તરફ લાખો રૂપિયાનું ખુલ્લેઆમ રેત વહન થઈ રહી છે જે નરી આંખે જોઈ શકાય છે ત્યારે આ અંગે ઈટીવીની ટીમ દ્વારા સ્થળ તપાસ કરતા કેમેરાના દશ્યો કરતા સ્થાનિક અધિકારીએ આવી કોઈ જ ટ્રક કે રેતીનું વહન ન થતુ હોવાનું જણાવ્યું હતું. જો કે આજ સમયે દરરોજની જેમ ડમ્પરો પસાર થતા કેમેરામાં કેદ થવા પામ્યા હતા. એક તરફ ખનન માફિયાના રોફ અને સેટીંગની સામે તંત્ર મુક પ્રેક્ષક બનતું હોય તેમ જણાઈ રહ્યું છે. ત્યારે સ્થાનિકોના માટે આ વિસ્તારમાં માફિયાઓના કારણે ગુજરાત સરકારને દૈનિક ૩૦૦ ડમ્પરોના પગલે બાવીસ લાખ ૫૦ હજારથી વધુનું નુકશાન થઈ રહ્યુ છે ત્યારે સેટિંગ કરનારા બાબુઓ સામે તંત્ર જાગે તેવી માંગ કરી છે. આ સમગ્ર કૌભાંડ સરકારી બાબુઓ દ્વારા આચરાઈ રહ્યાના આક્ષેપો પણ કર્યા હતા.



એક તરફ ગુજરાતને ગૌરવશાળી અને મજબુત બનાવવાની વાતો થઈ રહી છે તો બીજી તરફ પ્રતિબંધિત રેતીની રોકટોક વિના હેરાફેરી થઈ રહી છે ત્યારે તંત્ર ક્યારે જાગે છે તે હવે જોવાનું રહ્યું. રેત ખનન પર પ્રતિબંધ હોવા છતાં વહીવટીતંત્ર આ અંગે જાગે તે જરૂરી છે જો કે આવનારા સમયમાં આ અંગે તંત્ર કેવા પગલાં ભરશે એ તો સમય જ બતાવશે.

# ધાનેરામાં ગરીબોની રોજી-રોટી છીનવી બનાવ્યો હતો સ્વર્ણિમ કળશવાળો બગીચો

## કેટલાક લોકોએ બગીચાના કળશને ફૂલોના બદલે સજાવ્યો દારૂની બોટલોથી

પાલનપુર, તા. ૧૭

એક તરફ ધાનેરા નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત અભિયાનના મોટા મોટા કાર્યક્રમો કરી લોકોને ધાનેરા સ્વચ્છ બનવાના બણગા ફૂકી રહી છે તો બીજી તરફ ધાનેરા જુના બસસ્ટેન્ડ ગરીબો ની રોજી-રોટી છીનવી ધાનેરા જુના બસ સ્ટેન્ડ પાસે ધી ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ ધાનેરા અને જનભાગીદારી થી લાખો ના ખર્ચે સ્વર્ણિમ ગુજરાત ના કળશ વાળો બગીચો બનાવામાં આવ્યો હતો લાખો ના ખર્ચે બગીચો તો બનાવામાં આવ્યો અને રાજકીય નેતા



રોટી છીનવી સ્વર્ણિમ ગુજરાત ના કળશ વાળો બગીચો બનાવામાં આવ્યો હતો જે બગીચો આજે ફૂલો ના બદલે દારૂ ની ખાલી બોટલો થી ઉભરાઈ રહ્યો છે તો કેટલાક લોકો દ્વારા કળશ ને ફૂલો થી શણગાર વાના બદલે દારૂ ની ખાલી બોટલો થી શણગાર્યો હતો જોઈએ એક અહેવાલ કે ધાનેરા કેટલું સ્વચ્છ છે.

ધાનેરા નગરપાલિકા ના ઈન્ચાર્જ પ્રમુખ જગદીશ ઠક્કર દ્વારા આજે ધાનેરા મધુસુદન માર્કેટ ખાતે એક મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વેપારી સહીત લોકોને ધાનેરા ને સ્વચ્છ બનવાની વાત કરી હતી તો બીજી તરફ આજથી આશરે પાંચ સાત વર્ષ પહેલા દબાણ હટાવી ગરીબો ની રોજી દ્વારા આ બગીચા નું લોકાર્પણ પણ કરવામાં આવ્યું તે બાદ આ બગીચા સામે નથી તો જોયું નગરપાલિકાએ કે નથી જોયું રાજકીય નેતા આજે આ બગીચો ફૂલો ના બગલે ઉભરાઈ રહ્યો છે દારૂ ની ખાલી બોટલો થી તો કેટલાક લોકો દ્વારા તો સ્વર્ણિમ કળશ ને ફૂલો ના બદલે દારૂ ની બોટલો થી શણગાર્યો હતો લાખો ના ખર્ચે બનાવેલો બગીચો અત્યારે તો ખંડેર જેવી હાલત માં જોવા મળી રહ્યો છે ત્યારે ધાનેરા ના લોકો કહી રહ્યા છે કે સ્વચ્છ ભારત અભિયાન ની મોટી મોટી વાતો કરનાર અને સરકાર ના પૈસા નું પાનીઓ કરનાર ને જાગવાની જરૂર છે અને પોતાની સસ્તી પ્રસિદ્ધિ બંધ કરી ધાનેરા ને સ્વચ્છ બનાવા ની જરૂર છે.





## ડીસા હાઈવે પર વરરાજાની કારને ટ્રકે ટક્કર મારતાં ૪ ને ઈજા, વાહનોની કતાર લાગી

ડીસા હાઈવે પર ગુરુવારે થયેલા બે જુદાજુદા અકસ્માતોમાં પાંચ જેટલા લોકોને ઈજા થવા પામી હતી. જેમાં બનાસનદીના પુલ પર વરરાજાની કારને ટ્રકે ટક્કર મારતાં કાર પુલ પર આડી થઈ જતાં ટ્રાફિક જામ થતાં આરટીઓ ચાર રસ્તા સુધી વાહનોની કતાર લાગી હતી. જ્યારે બીજા બનાવમાં રસાણા નજીક એસટી બસ, લકઝરી બસ અને જીપડાલા વચ્ચેની ટક્કરમાં જીપડાલુ પલટી ખાઈ ગયું હતું. ડીસા તાલુકાના લુણપુર ગામે રહેતા રગાભાઈ જકસીભાઈ પરમારના પુત્રના લગ્ન ગુરુવારે કમોડા ગામના પીરાભાઈ કાનાભાઈ પરમારની દિકરી સાથે થવાના હોઈ સવારે લુણપુરથી જાન કમોડા જવા નિકળી હતી. જેમાં વરરાજાની શણગારેલી કારને ટ્રકે ટક્કર મારતાં કાર પુલ પર આડી થઈ ગઈ હતી. કારમાં બેઠેલા વરરાજા સહિત ચારને નાની-મોટી ઈજાઓ થઈ હતી. જ્યારે પૂજા પરમાર નામની સાતેક વર્ષની બાળકીને વધુ ઈજા થતાં સારવાર અર્થે ખસેડાઈ હતી. પુલ પરજ અકસ્માત થતાં વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો. જ્યારે બીજા પુલ ઉપર રોંગ સાઈડ વાહનો ચાલવા લાગતાં બન્ને તરફ ટ્રાફિક જામ થતાં વાહનોની લાંબી કતારો લાગી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# બનાસકાંઠાના સ્વાતંત્ર્ય સેનાની ગુણવંતભાઈ મહેતાનું દેહાવસાન

બનાસકાંઠા જિલ્લાના ૧૧ સ્વાતંત્ર્ય સેનાનીઓ પૈકી એક માત્ર જીવીત એવા ગુણવંતરાય મહેતાનું આજે ટુંકી માંદગી બાદ અવસાન થવા પામ્યું હતું. સ્વાતંત્ર્ય સેનાની ગુણવંતભાઈ મહેતા બનાસકાંઠાના વાવના વતની હતા. સરહદી ક્ષેત્રના આ સ્વાતંત્ર્ય સેનાની આજથી ૩૦ વર્ષ પહેલા બનાસકાંઠા જિલ્લાના નશાબંધી નિયોજક તરીકે કાર્ય કરીને જિલ્લાના યુવાનોને મોટી સંખ્યામાં નશાની બદીમાંથી મુક્ત કરાવ્યો હતો.

સ્વ. ગુણવંતભાઈ મહેતાના પાર્થિવ શરીરને જિલ્લા કલેક્ટર જેનુ દેવાન, એસ.પી. બડગુજર તેમજ વહીવટીતંત્રના અધિકારીઓ તેમજ પ્રજાજનો દ્વારા પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી.